


# વિજય-પથ તમિલનાડુની રાજનીતિમાં નવા 'થલાપતિ' વિજય જોસેફનો ઉદય

આજુ એક વર્ષ પહેલાં, બાકી ભારતના લોકોને વિજય ચંદ્રશેખર જોસેફનું નામ પણ ખબર નહોતી, અને જે થોડા લોકો આ નામથી પરિચિત હતા, તે હિન્દીમાં ડબ થયેલી તમિલ ફિલ્મોના હીરો તરીકે. તમિલ ફિલ્મોના ચાહકોમાં તે 'થલાપતિ' (એટલે કે કમાન્ડર, લીડર અથવા જનરલ) તરીકે સ્થાપિત હતો, પણ આજે આખું ભારત વિજયને તમિલનાડુના ભાવિ મુખ્યમંત્રી તરીકે જાણવા લાગ્યું છે. ગયા સોમવારે ચાર રાજ્યોની ચુંટણીનાં જાહેર થયેલાં પરિણામમાં, તમિલનાડુએ જબરદસ્ત અપસેટ સર્જ્યો, અને 51 વર્ષના એક નવોદિત નેતા વિજયને સડક પરથી ઉઠાવીને સિંહાસન નજીક લાવીને બેસાડી દીધો છે (વિજયને સત્તા માટે વિધાનસભામાં 11 મતોની જરૂર છે).

મોટી વાત એ છે કે તમિલનાડુમાં 49 વર્ષથી કોઈ ફિલ્મસ્ટારને જનતાએ સીધો ચુંટ્યો નથી. 1977માં એમ. જી. રામચંદ્રન સિનેમાની સત્તામાંથી નીકળીને રાજનીતિની સત્તામાં આવ્યા હતા. એ પછી એક્ટ્રેસ જયલલિતા મુખ્યમંત્રી બન્યાં હતાં, પણ તેઓ એમજીઆર અને તેમની એઆઈડીએમકે પાર્ટીના વારસદાર તરીકે આવ્યાં હતાં. આટલાં વર્ષો પછી, વિજય પહેલો સ્ટાર છે જે પોતાના અને પોતાની નવોદિત પાર્ટી તમિળગા વેટ્રી કઝગમ (ટીવીકે)ના કરિશ્મા પર સત્તામાં આવ્યો છે.

આ દક્ષિણ ભારતની ચકાચોંધ ભરી ફિલ્મી દુનિયામાંથી નીકળીને રાજનીતિના મંચ ઊભા રહેલા એક એવા વ્યક્તિત્વની કહાની છે, જે કેવળ એક અભિનેતા નથી રહ્યો, બલ્કે એક ભાવનાત્મક લહેર, એક જનઅંદોલન અને સત્તા પરિવર્તનનો ચહેરો બની ચુક્યો છે. તે ફિલ્મોમાં 'થલાપતિ' હતો, જનતાએ તેને હવે રાજ્યનો કમાન્ડર બનાવ્યો છે.

આ 'વિજય-યાત્રા' કમાલની છે.

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

22 જૂન 1974ના રોજ જન્મેલા વિજયનું જીવન જાણે કેમેરાની રોશનીમાં શરૂ થયું હતું. તેના પિતા એસ. એ. ચંદ્રશેખર એક ફિલ્મ નિર્દેશક હતા અને માં શોભા ચંદ્રશેખર એક ગાયિકા હતાં. આવા માહોલમાં વિજય માટે અભિનય કોઈ વિકલ્પ નહીં, સ્વાભાવિક રસ્તો હતો. તેણે બાળપણમાં જ નાના-નાના કિરદાર કરવાનું શરૂ કરી દીધું હતું. ત્યારે કોઈએ વિચાર્યું નહોતું કે આ બાળકલાકાર એક દિવસ લાખો લોકોના દિલની ધડકન અને કરોડો લોકોની આશા બની જશે.

યુવાનીમાં પ્રવેશતા જ વિજયે પોતાની અલગ ઓળખ બનાવવાની શરૂઆત કરી. 1990ના દાયકામાં જ્યારે તેણે નાયક તરીકે ફિલ્મોમાં પગ મૂક્યો, ત્યારે શરૂઆતમાં સફળતા સહેલી નહોતી. પરંતુ ધીમે ધીમે તેણે પોતાના અભિનય, નૃત્ય અને ખાસ કરીને પોતાની "માસ અપીલ" દ્વારા દર્શકોનાં દિલ જીતવાનાં શરૂ કર્યા હતાં. તેનાં પાત્રોમાં સામાન્ય માણસનો સંઘર્ષ, ન્યાય અને આત્મસન્માનની વાતો ઝળહળતી હતી, અને એ જ કારણ હતું કે દર્શકો વિજયને માત્ર મનોરંજન માટે જોતા નહોતા, પણ એક લાગણીસભર લગાવ મહેસૂસ કરવા લાગ્યા હતા.

ત્રણ દાયકાની કારકિર્દીમાં તેણે 60થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે અને તે આજે ભારતીય સિનેમામાં સૌથી સફળ અને સૌથી વધુ કમાણી કરતો સ્ટાર છે. લોકોએ તેને એટલે જ 'થલાપતિ'નું બિરુદ આપ્યું છે. તેની કહાની ફિલ્મો સુધી જ

**વિજયની રાજનીતિની વિશેષતા એ રહી કે તેણે પોતાને પરંપરાગત રાજકીય માળખાથી અલગ રાખ્યો. તેણે કોઈ મોટા ગઠબંધનનો સહારો લીધો નહીં અને જૂના રાજકીય સમીકરણોમાં પોતાને બાંધ્યો નહીં**

સીમિત નહોતી. ફિલ્મો મારફતે અન્યાય અને ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવતા વિજયની છબી લોકોમેં એટલી જબરદસ્ત રીતે અંકિત થઇ ગયી હતી કે 2009માં એક ફેન ક્લબની સ્થાપના સાથે તેણે તેની સામાજિક ભૂમિકા શરૂ કરી હતી.

ફિલ્મોમાં તેના સંવાદો ઘણીવાર વ્યવસ્થા સામે અવાજ ઉઠાવતા, ભ્રષ્ટાચાર પર પ્રહાર કરતા અને યુવાનોને જાગૃત થવાનો સંદેશ આપતા. ધીમે ધીમે એક પ્રશ્ન ઊભો થવા લાગ્યો; શું વિજય માત્ર પડદા પર જ બદલાવ લાવશે કે વાસ્તવિક જીવનમાં પણ?

આ પ્રશ્નનો જવાબ તેણે 2024માં આપ્યો, જ્યારે તેણે પોતાની રાજકીય પાર્ટી 'તમિળગા વેટ્રી કઝગમ'ની સ્થાપના કરી. આ નિર્ણય અચાનક લેવાયેલો નહોતો; તેની પાછળ વર્ષોની તૈયારી, સંગઠન નિર્માણ અને પોતાના ચાહકોને શિસ્તબદ્ધ રાજકીય શક્તિમાં પરિવર્તિત કરવાની વ્યૂહરચના હતી. તેની ફેન ક્લબના સભ્યો, જે પહેલાં ફિલ્મ રિલીઝ વખતે સેલિબ્રેશન કરતા હતા, હવે બૂથ સ્તરના કાર્યકરોમાં બદલાઈ ગયા હતા.

2026ની તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં વિજયની રાજકીય યાત્રાએ નવો વળાંક લીધો. તેની પાર્ટીએ પહેલી વાર ચૂંટણી લડી અને આશ્ચર્યજનક સફળતા મેળવી,+ એટલી કે દાયકાઓથી રાજકારણમાં છવાયેલા પરંપરાગત પક્ષો-ડીમકે અને એઆઈડીએમકે-ને પાછળ મૂકી દીધા. શરૂઆતના ટ્રેન્ડ્સમાં જ તેની પાર્ટી 100થી વધુ બેઠકો પર આગળ દેખાઈ, જે તમિલનાડુની રાજનીતિમાં ઐતિહાસિક ફેરફારનો સંકેત હતો.

વિજયે પાછલા અમુક સમયથી યુવાઓ, ખાસ કરીને જેન-ઝીને તેની રાજનીતિનું કેન્દ્ર બનાવી હતી. તેની છબી એક સાફ, ઈમાનદાર અને બદલાવ માટે ઈચ્છુક નેતાની રહી છે. તમિલનાડુના લોકોએ એટલે જ તેને જનનાયક બનાવ્યો છે.

વિજયની રાજનીતિની વિશેષતા એ રહી કે તેણે પોતાને પરંપરાગત રાજકીય માળખાથી અલગ રાખ્યો. તેણે કોઈ મોટા ગઠબંધનનો સહારો લીધો નહીં અને જૂના રાજકીય સમીકરણોમાં પોતાને બાંધ્યો નહીં. તેની વ્યૂહરચના સરળ હતી; લોકો વચ્ચે જવું, તેમના પ્રશ્નોને સમજવું અને તેમને સીધા સંબોધવા. આ એક રીતે "નવી રાજનીતિ"નો પ્રયોગ હતો, જેમાં સિનેમાની લોકપ્રિયતાને સંગઠનાત્મક શક્તિમાં રૂપાંતરિત કરવામાં આવી.

તેની રેલીઓમાં ઉમટતી ભીડ માત્ર ચાહકોની ભીડ નહોતી, તે આશાની ભીડ હતી. જોકે આ લોકપ્રિયતા સાથે પડકારો પણ આવ્યા. એક રેલી દરમિયાન થયેલી ભીડની દુર્ઘટનાએ બતાવ્યું કે જનસમર્થન સાથે જવાબદારી કેટલી મોટી હોય છે. વિજયે આ ઘટનાને લઈને ગહન દુઃખ વ્યક્ત કર્યું, જે તેના સંવેદનશીલ નેતૃત્વની ઝાંખી આપે છે.

આજે તમિલનાડુની રાજનીતિ એક મહત્ત્વપૂર્ણ વળાંક પર ઊભી છે, અને વિજય તેના કેન્દ્રમાં છે. તેની આ યાત્રા માત્ર એક વ્યક્તિની સફળતા નથી, પરંતુ લોકપ્રિયતા અને જાહેર વિશ્વાસની નવી વ્યાખ્યા પણ છે. તે બતાવે છે કે જો લોકપ્રિયતા યોગ્ય દિશામાં અને જવાબદારીપૂર્વક વપરાય, તો તે માત્ર તાળીઓ અને સીટીઓ સુધી મર્યાદિત રહેતી નથી, પરંતુ સત્તા અને સમાજ બંનેને અસરકારક રીતે બદલી શકે તેવી શક્તિ બની જાય છે.

આ યાત્રા હવે માત્ર વિજયની નથી રહી; તે લાખો લોકોની આશાઓ, અપેક્ષાઓ અને બદલાવની ઈચ્છાઓ સાથે જોડાઈ ગઈ છે. હવે જોવાનું એ રહેશે કે આ આશા કેવી રીતે નીતિમાં બદલાય છે અને આ લોકપ્રિયતા કેટલી અસરકારક રીતે જનકલ્યાણમાં રૂપાંતરિત થાય છે.

આજે તમિલનાડુની રાજનીતિ એક નવા મોડ પર ઊભી છે, અને વિજય તેના કેન્દ્રમાં છે. તેની આ યાત્રા સાબિત કરે છે કે લોકપ્રિયતા જો સાચી દિશામાં સક્રિય હોય, તો તે તાળીઓ અને સીટીઓથી આગળ જાય છે અને સત્તા તેમજ સમાજ બંનેને બદલવાની તાકાત બની જાય છે. વિજયની કહાની હજુ પૂરી નથી થઇ. તે 51 વર્ષનો છે અને હવે તે એક નવો અધ્યાય શરૂ કરી રહ્યો છે. ભવિષ્યમાં જ્યારે બાકી ભારતમાં જેન-ઝી નેતાઓનો દબદબો હશે, ત્યારે ઈતિહાસ યાદ કરાવશે કે આવા નેતૃત્વની શરૂઆત તમિલનાડુમાંથી થઇ હતી.

# પાડોશી એવો વાંચ્છીએ...

માનો કે ન માનો, પાકિસ્તાન જેવા પાડોશીઓનો પ્રશ્ન પાકિસ્તાન કરતાં પણ વધારે જૂનો છે. પાકિસ્તાન ૧૯૪૭માં બન્યું, પણ પાડોશીઓ ત્યાર પહેલાંના અસ્તિત્વ ધરાવે છે. કેટલાક પાડોશી બહુ સારા, પ્રેમાળ, મદદરૂપ, સહનશીલ, ઉપયોગી હોય છે, પણ એક મિનીટ. 'પાડોશી સારા છે' એટલું કહી દેવું પૂરતું નથી. પાડોશીને પણ સામે આવી લાગણી થવી જોઈએ. બાકી, 'અમારા પાડોશી કેટલા સારા.'નો મહિમા આ રીતે પણ થઈ શકે : 'ગમે તેટલા મોટા અવાજે ગાયનો વગાડીએ, તો પણ બિચારા કદી બોલે નહીં ને ભૂલથી નજર મળી જાય તો એ નજર ફેરવી લે. પાડોશી ધર્મનું કેટલું ઉત્તમ ઉદાહરણ...બોલો! રોજ સવારે, સોસાયટીનો (કે ફળિયાનો) કચરો વળાઈ જાય, પછી અમારી સવાર પડે. પછી કચરો નીકળે. એટલે સરકારની સ્વચ્છતા ઝુંબેશમાં ફાળો નોંધાવવાના ઉત્સાહ સાથે એ કચરો એકઠો કરીને તેને પાડોશીના ઘરની દીવાલ આગળ ઠાલવી દઈએ. બને ત્યાં સુધી ધ્યાન રાખીએ કે એમના ઘરનું કોઈ બહાર ઊભું ન હોય. પણ ક્યારેક કોઈ હોય ને જોઈ પણ જાય, તો તે આંખ આડા કાન કરી લે. ખરેખર પાંચેય આંગળીએ પૂજ્યા હોય તો જ આવા પાડોશી મળે. દિવાળી વખતે અમે છેક એમના ઘર પાસે જઈને બોમ્બને ટેટા ફોડીએ. એમનાથી અવાજ સહન થતો નથી એટલે બિચારા બારીબારણાં બંધ કરીને બેસી રહે અને અમારો કાર્યક્રમ પૂરો થાય પછી જ બહાર આવે. એક વાર અમારા બોમ્બથી એમની બેબી દઝાઈ હતી. તો પણ બિચારાએ કશું બોલ્યા વિના, બેબીને અંદર બોલાવી લીધી. એમની સજ્જનતા પર અમને એટલો વિશ્વાસ કે બહાર જવાનું હોય ત્યારે અમારી એક ચાવી ત્યાં જ હોય અને અમારી એટલી આત્મીયતા કે અડધી રાતે પણ પાછાં આવીએ તો પણ તે આંખ ચોળતા ચોળતા જાગે, દરવાજો ખોલે ને હસતા મોઢે ચાવી આપે. આવા પાડોશીઓ હવે ક્યાં મળે છે?'



વાત સાચી છે. હવે 'આવા' જ પાડોશીઓ મળે છે, જે ઉપર વર્ણવી છે ને એ સિવાયની બીજી ઘણી અસભ્યતાઓ આચરીને, વખત આવ્યે પાડોશીધર્મની આણ આપે. કોઈ વાર તેમની દીવાલ પાસે વાહન પાર્ક કર્યું હોય કે કચરાની ઢગલીમાંથી થોડો કચરો ઉડતો ઉડતો તેમના દરવાજા લગી પહોંચી જાય, ત્યારે પહેલાં તો એ બૂમરાણ મચાવે. પછી જાણ થાય કે વાહન તેમના 'આદર્શ' પાડોશીનું છે કે કચરો એમની ઢગલીમાંથી ઉડ્યો છે, એટલે એ વધારે ખીજાય અને પાડોશીને ઠપકો આપવા બેસે, 'અમે સુધરેલા-સિવિક સેન્સવાળા નથી. પણ તમે તો સુધરેલા છો ને. તમારાં તો અમે કેટલાં વખાણ કરીએ છીએ. અમારાં સગાંવહાલાંમાં પણ તમને બધાં ઓળખે. કારણ કે અમારા મોઢેથી કોઈનાં વખાણ ભાગ્યે જ નીકળે. પણ આ તો વખાણી ખીચડી દાંતે વળગી. તમે અમારા જેવા થઈ જશો, તો પછી અમે વખાણ કોનાં કરીશું? ને તમારી સજ્જનતાનો ભાવ કેવી રીતે પુછાશે?'

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**

હવે 'વિશ્વ પર્યાવરણ દિવસ'થી માંડીને 'પ્રતિબંધિત પુસ્તક દિવસ' સુધીનાં ઉજવણાં થાય છે, પણ 'રાષ્ટ્રીય દુષ્ટ પાડોશી હૃદયપરિવર્તન સપ્તાહ' કે 'રાષ્ટ્રીય માથાભારે પાડોશીપ્રતિકાર દિન' જેવી ઉજવણી હજુ કોઈને સુઝી નથી અને નકામા પાડોશીઓ પરંપરાગત હર્ષોલ્લાસ સાથે 'પાડોશીપીડન વર્ષ' ઉજવતા રહે છે.

સારા પાડોશીઓનો એક જ પ્રકાર હોય છે, પણ દુષ્ટ કે ત્રાસદાયક પાડોશીઓના ઘણા પ્રકાર છે. તે શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક ઉપરાંત 'આધ્યાત્મિક' ત્રાસ પણ આપી શકે છે. તેમાંથી કેટલાક ખરાબ પાડોશીઓ એવા હોય છે, જેમનો સમાવેશ 'તેઓ શું કરી રહ્યા છે તેની તેમને ખબર નથી'માં કરવાનો થાય, જ્યારે કેટલાક બરાબર જાણે છે કે તે શું કરી રહ્યા છે અને એનાં પરિણામ જાણીને જ એ કરતા હોય છે. એટલું જ નહીં, ધાર્યું પરિણામ ન મળે અને પાડોશી પૂરતી માત્રામાં હેરાન થયો હોય એવું ન લાગે, તો તે નિરાશ થાય છે, ખીજે ભરાય છે અને એ બાબતે પણ ઝઘડો કરી શકે છે.

ફિલસૂફો કહે છે કે માણસ નહીં, તેનો સમય ખરાબ હોય છે. પરંતુ 'માણસ'ની આ વ્યાખ્યામાં ઘણા પાડોશીઓનો સમાવેશ થતો નથી. એમની અનિષ્ટતા સમયની મોહતાજ નથી હોતી. સારા-ખરાબ કોઈ પણ સમયમાં એ સાતત્યપૂર્વક એકસરખા ખરાબ રહી શકે છે. 'એક કાગડો મરે તો સો ગાયોનાં શિંગ ઠરે' એવી કહેણી મુજબ, કેટલાક પાડોશીઓ એકે હજારા પ્રકારના હોય છે. તેમના ન હોવાથી આખા વિસ્તારમાં સભ્યતા અને શાંતિ પથરાઈ શકે. પરંતુ બીજી કહેવત પ્રમાણે, બિલ્લી તાકી રહે એટલે શિંકું ભાંગી જતું નથી. કેવળ ઈચ્છવા માત્રથી ખરાબ પાડોશીઓ એમ ઉચાળા ભરતા નથી. એ તમને પૂર્વજન્મમાં માનતા કરીને જ અને તેમની પાડોશમાં રહેવું પડ્યું એ પૂર્વજન્મનાં કર્મનું ફળ હોવાથી, એ ભોગવ્યા વિના તમારો છૂટકારો નહીં થાય, એવી ખાતરી કરાવીને જ જંપે છે.

**સારા પાડોશીઓનો એક જ પ્રકાર હોય છે, પણ દુષ્ટ કે ત્રાસદાયક પાડોશીઓના ઘણા પ્રકાર છે. તે શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક ઉપરાંત 'આધ્યાત્મિક' ત્રાસ પણ આપી શકે છે**

કહેવતમાં પાડોશીને 'પહેલો સગો' ગણાવાયો છે, તે યથાર્થ છે. કારણ કે સગાંની જેમ પાડોશીઓની પસંદગી પણ આપણા હાથમાં નથી હોતી. જે મળે તેમની સાથે પડ્યું પાનું નિભાવી લેવું પડે છે. પાડોશીઓથી કંટાળીને માણસ ઘર બદલે, તો નવી જગ્યાએ નવા પાડોશીઓ જૂના જેવા નહીં મળે, એવી આશા રાખી શકાય છે, પણ એની કોઈ ખાતરી નથી હોતી. લગ્નની જેમ પાડોશીઓમાં પણ અસલિયતની ખબર પડે ત્યારે બહુ મોડું થઈ ચૂક્યું હોય છે...ને માણસ બિચારો એમ કેટલાં ઘર બદલતો ફરે?

## ઈશિતાનું અલકમલક

### સીધું જેલભેગું કરતું 'સરનામું'




ગમે તેવો ચાલાક કે ધૂર્ત ગુનેગાર હોય, એ પણ એકાદ વાર એવી નાનીઅમથી ભૂલ કરી બેસે કે એની પાછળ પડેલી પોલીસને પૂરતાં પગેરું મળી જાય...

દાઉદના ખાસ માનીતા સાથી સલીમ ડાલા સાથે પણ હમણાં આવું થયું. આ સલીમ ડ્રગ તસ્કર તરીકે કુખ્યાત છે. ભારત -અફઘાનિસ્તાન - પાકિસ્તાન -નેપાળ બોર્ડર રૂટ પર ડ્રગ્સની હેરાફેરીના ધંધામાં એ ગજબનો નિપુણ હતો. ફિલ્મ 'ડોન' ના પેલા ફેમસ ડાયલોગની જેમ 'અનેક મુલ્કની પોલીસ એને શોધી રહી હતી પણ એને પકડવો નામુમકિન હતો...'

સલીમ ડાલા છેલ્લે છેલ્લે દક્ષિણ મુંબઈથી ૨૦-૨૫ કિલો મેફેડ્રોન નામક ડ્રગ્સની હેરાફેરીમાં સંડોવાયા પછી એ દોઢ વર્ષથી ગાયબ હતો. આવા અનેક કેસોના આરોપી સલીમને ભારતની પોલીસ શોધી રહી હતી પણ ભારતથી છટકીને નેપાળ થઈ એ તુર્કીયના ઈસ્તંબુલમાં લપાઈ ગયો હતો. એના પર ઈન્ટરપોલની રેડ કોર્નર નોટિસ પણ હતી.


નાર્કોટિક્સ એજન્સી પાસે એવી માહિતી હતી કે સલીમ ડોલા પાસે 'હામઝા અલી' નામે એક બનાવટી પાસપોર્ટ છે.(અહીં એક આડ વાત : સુપરહીટ ફિલ્મ : 'ધુરંધર'માં હીરો રણવીર સિંહનું કરાચીમાં બનાવટી નામ પણ હામઝા અલી મઝારી હતું!)

એ અનુસાર બધી ગુપ્તચર એજન્સીઓ સલીમને શોધવા 'હામઝા' નામધારી શંકાસ્પદ વ્યક્તિઓ પર નજર રાખતી હતી પણ છેલ્લાં દોઢ વર્ષથી તુર્કીયમાં 'અન્ડરગ્રાઉન્ડ' થઈ ગયેલા -સંતાઈ રહેલા સલીમ ડોલાને શોધવો એટલો આસાન ન હતો પણ અચાનક ત્યાંની સ્થાનિક ગુપ્તચર એજન્સીને બાતમી મળી કે 'કોઈ હામઝાએ એક ચોક્કસ સરનામે કુરિયર દ્વારા એક પેકેટ મંગાવ્યું છે.' પત્યું. 'ઈન્ટરપોલ'ને આની જાણ થતાં જ ગણતરીના ક્લાકોમાં ઈસ્તંબુલ નજીકના એક ટાઉનમાં પેલા એડ્રેસ પર દરોડો પાડીને 'હામઝા' ઉર્ફે કુખ્યાત અપરાધી સલીમ ડોલાને ઝડપી લીધો. એ પછી તો પ્રત્યાર્પણ નીતિ અનુસાર એને તુર્કીયથી વાયા દિલ્હી મુંબઈ પોલીસને સોંપી દેવામાં આવ્યો છે. ભારત સહિત અન્ય બે દેશના નકલી પાસ્પોર્ટ ધરાવતા સલીમ પર ગયા અઠવાડિયાથી અહીં કોર્ટ કાર્યવાહી પણ શરૂ થઈ ગઈ છે.

વર્ષથી પોલીસના સકંજામાં ન આવતા આ ખૂંખાર અને અતિ ધૂર્ત ઈન્ટરનેશનલ ડ્રગ્સ તસ્કર સલીમે એક જ ભૂલ કરી કે એનું અજ્ઞાતવાસનું એડ્રસ એણે કુરિયરવાળાને લખાવી દીધું ને એ ઝડપાઈ ગયો. કાયદાના લાંબા હાથ કયારેક અપરાધી સુધી પહોંચી નથી શકતા ત્યારે સલીમ જેવી ડફોળગીરી જ એને જેલના સળિયા પાછળ ધકેલી દે છે.

### લાઈસન્સ એક અવનવું..

કેટલાક સમાચાર એવા જૂના જમાનાના હોય છે કે જો એ આજે કાને પડે કે વાંચવા -જાણવામાં આવે તો આજની 'જનરેશન ઝી' તો અવાચક થઈ જાય : 'હેં ...આવું તે હોતું હશે?!' આજે પણ કેટલાક વૃદ્ધો યાદ કરીને કહેશે કે એમના સમયમાં રેડિયો સર્વિસ શરૂ થઈ ત્યારે ઘરમાં રેડિયો સાંભળવા માટે સરકારી પરવાનગી લેવી પડતી હતી! ૧૯૫૭-૫૮ની આસપાસ તો રેડિયોનું લાઈસન્સ લેવા દરેકે પોસ્ટ ઓફિસ જવું પડતું અને ત્યાં દોઢ રૂપિયાની રેવન્યુ સ્ટેમ્પ ચોંટાડેલી રેડિયો લાઈસન્સની ચોપડી ખરીદવી પડતી! દર વર્ષે આવું લાઈસન્સ રીન્યુ પણ કરાવવું પડતું!




રેડિયો સાંભળવાના પરવાનાની જેમ આપણે ત્યાં ટીવી પર પ્રોગ્રામ્સ નિહાળવા માટે લાઈસન્સ હતા કે નહીં એ વિશે 'ઈશિતા' જાણતી નથી પણ બીજા એક જૂના જમાનાની વાત આજે આપણે ત્યાં સાયબર સ્પેસ - સોશિયલ મીડિયા પર જબરી વાયરલ થઈ રહી છે. આશ્ચર્યનો ૮૮૦ વોલ્ટનો આંચકો લાગે એવા સમાચાર એ છે કે ૧૯૫૬ની આસપાસ તો રસ્તા પર ચાલવા માટે પણ એ જમાનાની આમચી મુંબઈ (બોમ્બે) પોલીસ પાસેથી લાઈસન્સ લેવું ફરજિયાત હતું!

આજે ચોતરફ વાયરલ થઈ રહી રહેલા 'વોકિંગ લાઈસન્સ'ના એ દસ્તાવેજ મુજબ આ પરવાનગી ધારકનું નામ - કયા વિસ્તારનો એ છે એનું સરમામું ઉપરાંત એની ચાલવાની પદ્ધતિ-ઢબ સુદ્ધાંની નોંધ લેવામાં પણ આવતી.

જે 'વોકિંગ લાઈસન્સ'નો દસ્તાવેજ વાયરલ થયો છે એના પરની કેટલીક નોંધ તો ખરેખર ચોંકાવી દે એવી છે, જેમ કે એ લાઈસન્સ ધરાવનારી વ્યક્તિને કોલબા ફોર્ટથી વીટી સ્ટેશન રોજના ૧૦ માઈલ જ ચાલવાની પરવાનગી હતી અને હા, એ વખતે એણે બુટ (શૂઝ) પહેરવા ફરજિયાત હતા!

એ જમાનામાં આ ચાલવાના પરવાનાની સરકારી ફી બે રૂપિયા હતી. સાંજના ઓફિસ છૂટ્યા પછીના ધસારા વખતે ચાલની ગતિ 'બ્રિસ્ક' (ઝડપી) હોય તો પોલીસને 'નો પ્રોબ્લેમ' પણ આવી પરવાનગી વિના રસ્તા પર કારણ વગર કોઈ લટાર મારતું હોય કે કોઈ આડેધડ દોડતા પકડાય તો એને દંડ ફટકારવામાં આવતો!

બીજા શબ્દોમાં એ જમાનામાં વોકિંગ લાઈસન્સ વગરનો કોઈ આશિક પેલું ગીત ન ગણગણી શકે : 'કોઈ મિલ ગયા થા ...સરે રાહ ચલતે ચલતે'!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» વર્ચ્યુઅલ કરન્સી એટલે કે આભાસી ચલણની આજે માત્ર ચર્ચા જ ચોતરફ નથી, અમુક દેશોમાં સત્તાવાર રીતે નાણાંકીય ચલણ તરીકે એનો વ્યવહાર પણ શરૂ થઈ ગયો છે. જો કે ભારત સહિત મોટાભાગના દેશોએ આવી ક્રિપ્ટોકરન્સીને હજુ માન્યતા આપી નથી તો બીજી તરફ, અલ સલ્વાડોર જગતનો પ્રથમ એવો દેશ છે જેણે બિટકોઈનને દેશના સત્તાવાર ચલણ તરીકે માન્યતા આપી દીધી છે. ત્યાંની સરકારે તો ૫૦૦ ડોલરના બિટકોઈન્સ ખરીદીને શ્રીગણેશ પણ કરી દીધા છે. આવી ક્રિપ્ટોકરન્સીએ સામાન્ય લોકોમાંય જબરું કુતૂહલ પેદા કર્યું છે. એક અમેરિકન યુગલે તો તાજેતરમાં એમનાં મેરેજ વખતે ક્રિપ્ટોકરન્સીની આભાસી વેડિંગ રીંગ તૈયાર કરાવીને એકેમેકને 'પહેરાવી' પણ ખરી..!

» જગતની સૌ પ્રથમ ગ્રામોફોન રેકોર્ડમાં માત્ર આટલા જ શબ્દો હતા : 'મેરી હેડ અ લિટલ લેમ્બ...'

### ઈશિતાની એલચી

**કવિ શ્રી હરીન્દ્ર દવેની આ હૃદયસ્પર્શી પંક્તિ આજે અહીં 'એલચી' રૂપે :**

**'મ્હેકમાં મ્હેક મળી જાય તો મૃત્યુ ન કહો,**
**તેજમાં તેજ ભળી જાય તો મૃત્યુ ન કહો!'**